**ભાસ્કર ખાસ** • શશાંક શાહના પુસ્તક ધ તાતા ગ્રુપ ફ્રોમ ટોર્ચબિયરર્સમાં દાવો, ગાંધીજીની સાથે ચિતરંજન દાસ અને સી.એફ. અન્ડ્રયુઝ પણ હતા

# ગાંધીજી અને નેતાજી સુભાષચંદ્ર બોઝે 1920માં તાતા સ્ટીલના મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચેનો વિવાદ ઉકેલ્યો હતો

એજન્સી | ન્યુયોર્ક

તાતા સ્ટીલમાં 1920ના દાયકામાં મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચે અમુક બાબતે વિવાદ સર્જાયો હતો. વિવાદ એટલો બધો વધી ગયો હતો કે, તેને ઉકેલવા માટે મહાત્મા ગાંધીજી અને નેતાજી સુભાષચંદ્ર બોઝ જમશેદપુર આવી પહોંચ્યા હતા. ગાંધીજીની સાથે દેશબંધુ ચિતરંજન દાસ અને સી.એફ. અન્ડ્રયુઝ પણ હતા. નેતાજી ...ર્મચારી તરફથી આવ્યા હતા. ...ની આગેવાનીમાં કર્મચારીઓએ મેનેજમેન્ટ સાથે સમાધાનની શરતો મૂકી હતી. ત્યારબાદ નેતાજીને જમશેદપુર લેબર એસોસિએશનના નેતા બનાવવામાં આવ્યા હતા. મેનેજમેન્ટ રિસર્ચ ડો. શશાંક શાહે તાતા ગ્રુપના 150 વર્ષ પૂર્ણ થવા પર 'ધ તાતા ગ્રુપ-ફ્રોમ ટોર્ચબિયરર્સ ટુ ટ્રેલબ્લેજર્સ' નામનું પુસ્તક લખ્યુ છે. જેમાં આ ઘટનાનો ઉલ્લેખ છે. હાવર્ડ બિઝનેસ રિવ્યુના રિસર્ચર ડો. શાહે આશરે 10 વર્ષના રિસર્ચ બાદ આ પુસ્તક લખ્યુ છે. જેમાં તાતા ગ્રુપ વિશેની અનેક રહસ્યમય વાતોનો ઉલ્લેખ છે. પુસ્તકમાં તાતા ગ્રુપના ચેરમેન જેઆરડી તાતા વિશે અનેક રોચક વાતો છે. જેઆરડીને એવિએશન સાથે ઘણો લગાવ હતો. 1932માં સ્થાપિત તાતા એરલાઈન્સનું 1953માં રાષ્ટ્રીયકરણ થયું. અને એર ઈન્ડિયાનું અસ્તિત્વ આવ્યુ. તે સમયે સરકારે જેઆરડીને એરલાઈન્સના ચેરમેન બનાવ્યા હતા. વિમાનની જાળવણીથી માંડી એરહોસ્ટેસના સાડીના રંગ સુધીની તમામ બાબતો તેમના નિયંત્રણ હેઠળ હતી. એક વખત ટોઈલેટ ગંદુ જોતાં તેઓ પોતે સફાઈ કરવા લાગ્યા હતા.

## ચરણસિંહ કોમ્પ્યુટાઈઝેશનની વિરુદ્ધમાં હતાં, કહ્યુ : બેરોજગારી વધશે, સરકાર કોમ્પ્યુટરનો ઉપયોગ કરવા માગતી ન હતી




પુસ્તકમાં લખ્યુ છે- ઈન્દિરા ગાંધી સરકારે 1969માં બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યુ ત્યારે બેન્કોનો બિઝનેસ ઘટ્યો હતો. તે સમયે સરકાર કોમ્પ્યુટરનો ઉપયોગ કરવા માગતી ન હતી. ટીસીએસે 1977માં આયકર વિભાગ માટે પાન સિસ્ટમ ડેવલોપ કરી હતી. જેની ઉપયોગિતા જોતાં કંપનીએ ઈનકમ ટેક્સના પ્રોસેસિંગનુ કામ કોમ્પ્યુટરાઈઝ કરવા કહ્યુ છે. તે સમયે ચરણસિંહ નાણાં મંત્રી હતા. તેઓએ કોમ્પ્યુટાઈઝેશનનો સખત વિરોધ કરતાં જણાવ્યુ હતુ કે, તેનાથી બેરોજગારી વધશે. શશાંકનો દાવો છે કે, જો તે સમયે અમલ થયો હોત તો ભારત સંપૂ... કોમ્પ્યુટરાઈઝ્ડ ટેક્સ પ્રણાલીમાં અનેક દેશોથી અગ્રેસર હોત. કોમ્પ્યુટરના યુગ... રોજગારીમાં જે ઝડપે વૃદ્ધિ થવી જોઈતી હતી તે અટકી જશે તેવો પણ ઉલ્લે... આ પુસ્તકમાં કરાયો હતો.